# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎ :૦૭૯: ૨૩૨૫૪૩૭૭ નિયામક
૨૩૨૫૪૩૯૪ સંયુક્ત નિયામક
૨૩૨૫૪૫૦૬ રહસ્ય સચિવ
૨૩૨૫૯૭૬૦ ફેક્સ
e-mail Address : jtdiradm-dat@gujarat.gov.in

"વીમા અને ઉંમ્બ્રા ભવન"બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦

નંબર : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/અધિકારપત્ર/૩૫૫૪-૩૫૮૪

તારીખ :૨૭-૪-૨૦૦૭

વિષયઃ- પગાર અને હિસાબી અધિકારીઓની કચેરી તથા જિલ્લા તિજોરી કચેરીઓમાંથી નાણાં વિભાગના અધિકારપત્ર સિવાય ચુકવણાં કરવાની પ્રથામાં છુટાછાટ આપવા બાબત.

વંચાણે લીધોઃ-(૧) અત્રેની કચેરીનો તા.૧૭/૪/૨૦૦૭નો પરિપત્ર નં..૧૦/૨૦૦૭
(૨) નાણાં વિભાગના તા.૫/૧૦/૨૦૦૧ના ખાનગી પત્ર નં.અપબ/૧૦૯૯/૧૪૨૩/ ૨૯૭૫/૦૧/ખ.
(૩) નાણાં વિભાગના તા.૩૦/૧૨/૨૦૦૨ના પત્ર નં. અપત્ર/૨૦૦૨/૪૩૦૫/ખ.
(૪) નાણાં વિભાગના તા.૧૨/૫/૨૦૦૫ના પત્ર નંબરઃઅપત્ર/૨૦૦૫/૫૨૬/ખ.

**:: પ રિ પ ત્ર -૧૨/૨૦૦૭ ::-**

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓ અને પગાર અને હિસાબી અધિકારીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન નાણા વિભાગના તા.૯-૩-૨૦૦૪ના પરિપત્રમાં દર્શાવેલ ૨૩ હેતુઓ માટે તથા નાણા વિભાગના તા.૨૭-૯-૨૦૦૬ના પરિપત્રથી દર્શાવેલ ૪ હેતુઓ સિવાયના રૂા.૧/- લાખથી ઉપરના તમામ ચૂકવણી માટે નાણા વિભાગના અધિકારપત્ર / મંજૂરી મળ્યા બાદ ચૂકવણી કરવાની સૂચના આપેલ હતી. જેમાં નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

- માર્ગ અને મકાન વિભાગ, નર્મદા અને જળ સંપત્તિ વિભાગ અને વન પર્યાવરણ વિભાગ કે જ્યાં લેટર ઓફ ક્રેડીટ પ્રથાથી ચેકની એડવાઈઝ ઉપર તિજોરી અધિકારીની પ્રતિ સહી કરાવી ચુકવણાં કરવામાં આવે છે તેવા કિસ્સામાં જે તે સદર/ ડીપોઝીટરી વર્કસના રૂા. ૨૫ હજારથી વધારે રકમના ચુકવણાં માટે નાણાં વિભાગના અધિકારપત્રની જરૂરીયાત રહેશે.

પેટા તિજોરી કચેરીઓમાં ઉપરોકત સૂચનાઓનો અમલ થાય તેવી વ્યવસ્થા કરવી.

આ બાબતની સંબંધકર્તાઓએ નોંધ લેવી. (પંચાયત, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ તથા વન વિભાગ એ ૧૨મા નાણાપંચ અંગેની ચૂકવણી પણ ઉપરોકત વિગતે નાણાં વિભાગની મંજૂરી મેળવ્યા બાદ કરવાની રહેશે.)

નિયામક.

પ્રતિ,
(૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, (તમામ).

*નકલ સવિનય રવાના પ્રતિઃ-*
(૧) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, સિંચાઈ, પાણી પુરવઠા અને નર્મદા વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, સિંચાઈ/માર્ગ અને મકાન વિભાગ,(પંચાયત વિભાગ), સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તરફ જાણ તથા સંબંધકર્તાને ઘટીત સૂચના અપાઈ જવા વિનંતી સહ.